# <u>૧૫માં એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,અમદાવાદ શહેર</u>

**<u>ક્રિ. ઈન્કવાયરી નંબર :-8058-2024</u>**

**<u>:: આંક–૦૧ તળે હુકમ ::</u>**

હાલની ફરીયાદ રજુ થતાં, સદર ફરિયાદ ઈન્કવાયરી રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવેલ.

ફરીયાદી તેમજ ફરિયાદીના વિ.વકીલશ્રી હાજર. સાંભળ્યા. કલમ –૧૩૮ (બી) ની નોટીસ અને ફરિયાદ દાખલ કરવા સંદર્ભે ફરિયાદીની રજુઆત ધ્યાને લીધી. ફરીયાદીએ ફરિયાદ રજીસ્ટરે લેવાં અરજ કરેલ છે. ફરિયાદી તરફે એવી રજુઆત પણ છે કે ચેકમાં આરોપીની સહી છે જેથી આરોપી વિરુઘ્ધ સમન્સ કરવો જોઈએ.

ફરિયાદ હકીકત વંચાણે લીધી. ફરીયાદીએ ફરીયાદ સાથે રજુ કરેલ સોંગદનામુ તેમજ દસ્તાવેજી પુરાવા લીસ્ટ ઘ્યાને લીધું. *નામદાર સર્વોચ્ચ <u>અદાલતે ઈન્ડીયન બેંક એસોશીએશન અને અન્ય વિરૂઘ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા અને અન્ય, (૨૦૧૪) ૫ એસસીસી ૫૯૦</u>* માં પ્રસ્થાપિત કરેલ સિંઘ્ધાતો ઘ્યાને લીધાં.

ફરીયાદ, પુરાવાનું સોગંદનામું, તથા રજુ કરેલ દસ્તાવેજો ધ્યાને લેતાં, સદર કામે ચેક વંચાણે લેતાં, ચેકમાં **આરોપી નં.૧ લક્ષ્મી ડેમોલીશન વતી આ.નં.ર સુજાતા વી. શેલર અને આ.નં.૩ વિનોદ જી. શેલર** નાઓએ સહી કરેલ હોવાનું ફરીયાદી પોતાની ફરીયાદમાં જણાવે છે. પ્રથમ દર્શનીય રીતે હાલની ફરીયાદમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબના ગુન્હાના તત્વો આકર્ષાતા હોય તેવું જણાઈ આવે છે. આથી સદર કામે **આરોપી નં.૧ લક્ષ્મી ડેમોલીશન, આ.નં.ર સુજાતા વી. શેલર અને આ.નં.૩ વિનોદ જી. શેલર** વિરુઘ્ધ પ્રોસેસ કાઢવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવતુ હોય, સદર ઈન્કવાયરી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે અને સદર **<u>ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે.</u> આરોપી નં.૧ લક્ષ્મી ડેમોલીશન, આ.નં.ર સુજાતા વી. શેલર અને આ.નં.૩ વિનોદ જી. શેલર** વિરુઘ્ધ પ્રોસેસ કાઢવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવતુ હોય, સદર ઈન્કવાયરી ફેંસલ કરી આરોપી વિરૂઘ્ધ બી.એન.એસ.એસ.,૨૦૨૩ ની કલમ ૨૨૭ અન્વયે ધી નેગોશીયેબલ,ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ ૧૮૮૧ ની કલમ– ૧૩૮ મુજબના ગુન્હા સબબનો સમન્સ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર આરોપી વિરુઘ્ધ નિયત નમુનામાં સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવે છે, તેમજ સદર આરોપીને પ્રથમ મુદતે જામીન સાથે હાજર રહેવા સમન્સમાં નોંધ કરવાનો હુકમ કરવામાં આવે છે. ફરિયાદીની વિનંતી ધ્યાને લેતાં, ફરિયાદી આરોપીને સમન્સ સામાન્ય રીતે ઉપરાંત આર.પી.એ.ડી. અને ઈ–મેઈલ થી બજાવી શકશે પરંતુ ઈ–મેલ થી બજવણી માટે તેઓએ આરોપીનું ઈ–મેલ એડ્રેસ ખરુ છે તેવું જાહેર કરવાનું રહેશે.

**ફરી મુદત તારીખ: ૦૨–૦૮–૨૦૨૫**

તારીખ : ૧૩–૦૬–૨૦૨૫

સ્થળ : અમદાવાદ

**(કેયુર એ. પટેલ )**

૧૫માં એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ સીટી.
( જી.જે.૦૧૦૭૫)

(SONI)